# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.૧૩/૨૦૧૯-૨૦ થી જા.ક્ર.૨૨/૨૦૧૯-૨૦ માટે તારીખ-૧૬-૦૮-૨૦૧૯ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧-૦૮-૨૦૧૯ (૧૩:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર Online અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | રીડર/એસોસીયેટ પ્રોફેસર (હોમિયોપેથી) – સર્જરી , વર્ગ-૧ (સામાન્ય રાજ્ય સેવા) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧-૧૨-૨૦૧૯ | ફેબ્રુઆરી-૨૦૨૦ | માર્ચ-૨૦૨૦ | અનુસ્નાતક | ૪ વર્ષ |
| ૧૪ | રીડર/એસોસીયેટ પ્રોફેસર (હોમિયોપેથી) – ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી, વર્ગ-૧ (સામાન્ય રાજ્ય સેવા) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪-૧૧-૨૦૧૯ | ફેબ્રુઆરી-૨૦૨૦ | માર્ચ-૨૦૨૦ | અનુસ્નાતક | ૪ વર્ષ |
| ૧૫ | રીડર/એસોસીયેટ પ્રોફેસર (હોમિયોપેથી) – પ્રેકટીસ ઓફ મેડિસિન, વર્ગ-૧ (સામાન્ય રાજ્ય સેવા) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨-૧૨-૨૦૧૯ | માર્ચ-૨૦૨૦ | એપ્રિલ-૨૦૨૦ | અનુસ્નાતક | ૪ વર્ષ |
| ૧૬ | નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૪-૧૧-૨૦૧૯ | ફેબ્રુઆરી-૨૦૨૦ | માર્ચ-૨૦ | પી. એચ.ડી. અથવા અનુસ્નાતક | ૧૦ વર્ષ |
| ૧૭ | અધિક્ષક પુરાતત્વવિદ્, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતુ, વર્ગ-૨ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧-૧૨-૨૦૧૯ | ફેબ્રુઆરી-૨૦૨૦ | માર્ચ-૨૦ | અનુસ્નાતક | ૧ વર્ષ |
| ૧૮ | મદદનીશ બાગાયત નિયામક/વિષય નિષ્ણાત, ગુજરાત બાગાયત સેવા વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭-૧૧-૨૦૧૯ | જાન્યુઆરી-૨૦૨૦ | માર્ચ-૨૦ | અનુસ્નાતક | ૨ વર્ષ |
| ૧૯ | ડેઝીગ્નેટેડ અધિકારી, ગુજરાત ઔષધ સેવા, વર્ગ-૧ | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫-૦૧-૨૦૨૦ | માર્ચ-૨૦૨૦ | મે-૨૦૨૦ | સ્નાતક / અનુસ્નાતક | ૮ વર્ષ |
| ૨૦ | નાયબ સેકશન અધિકારી / નાયબ મામલતદાર, વર્ગ-૩<br>નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ ( સચિવાલય ) | ૧૫૪ | ૬૯ | ૧૫ | ૩૮ | ૦૯ | ૨૩ | ૨૨ | ૦૫ | ૧૨ | ૦૨ | ૦૭ | ૦૫ | ૧૫ | પ્રાથમિક કસોટીની તારીખ-૦૮-૧૨-૨૦૧૯<br>મુખ્ય લેખિત પરીક્ષાની તારીખ ૨૪ તથા ૩૧ મે ૨૦૨૦ | ફેબ્રુઆરી-૨૦૨૦<br>મુખ્ય લેખિત પરીક્ષાના પરિણામનો ઓગસ્ટ-૨૦૨૦ | -- | સ્નાતક | -- |
| ૨૧ | મદદનીશ નિયામક, વર્ગ-૨ (નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી) | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨-૧૨-૨૦૧૯ | માર્ચ-૨૦૨૦ | એપ્રિલ-૨૦૨૦ | સ્નાતક | વહીવટી પ્રકારનો આશરે ૫ વર્ષ |
| ૨૨ | મીકેનીકલ એન્જીનીયર, વર્ગ-૨ (નિયામકશ્રી સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨-૧૨-૨૦૧૯ | માર્ચ-૨૦૨૦ | એપ્રિલ-૨૦૨૦ | પ્રિન્ટીંગ / મીકેનીકલ / પ્રિન્ટીંગ અને પેકીંગ ડીગ્રીમાં સ્નાતક | આશરે ૫ વર્ષ |

**નોંધ:-ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી "Editable" છે આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભુલ થાય તો "Edit" વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી. નવી અરજી ન કરવી.**

- શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારોની સમજ માટે દર્શાવેલ છે. ચોક્કસ શૈક્ષણિક લાયકાત અને અનુભવ વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.
- સીધી ભરતી (જા. ક્ર. ૨૦/૨૦૧૯-૨૦ સિવાય) ના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.
- જા. ક્ર. ૨૦/૨૦૧૯-૨૦ ના સંબંધમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા જાહેરાતમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારો પૈકી કુલ જગ્યાઓના આશરે ૦૬(છ) ગણા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.
- ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.
- તારીખ-૧૫/૦૭/૨૦૧૯ થી પ્રસિધ્ધ થયેલ સીધી ભરતી અંગેની તમામ જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૧૫% થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.
- (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની જરૂરીયાત જણાય તો **https://gpsc-ojas.gujarat.gov.in** ના **"Online Application"** મેનુમાં **"Edit"** વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં ઓનલાઇન પ્રસિદ્ધિના છેલ્લા દિવસ સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે. **જાહેરાતના ઓનલાઇન પ્રસિદ્ધિનો સમય પૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.** (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.
- ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.
- ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online અરજી કરવા માટે તા ૩૧-૦૮-૨૦૧૯ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે** માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.
- One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી online કરેલ અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાતપણે Confirm કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.
- આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર મુજબ પ્રસિધ્ધ ન થઈ શકેલ જાહેરાતો વિભાગ દ્વારા અદ્યતન ભરતી નિયમો પ્રસિધ્ધ થયા બાદ આપવામાં આવશે.
- આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.
- આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોની જગ્યાઓની સંખ્યામાં ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.

તારીખ:૧૫-૦૮-૨૦૧૯

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)